# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-04-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મન કી બાત -:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને યોગ્ય જવાબ આપવામાં આવશે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ આ મહિનાની 22મી તારીખે પહેલગામમાં થયેલી આતંકવાદી ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આ હુમલો આતંકવાદીઓની હતાશા અને કાયરતા દર્શાવે છે. તેમણે કહ્યું કે કાશ્મીરમાં શાંતિ પરત ફરી રહી છે, લોકશાહી મજબૂત થઈ રહી છે અને પ્રવાસીઓ રેકોર્ડ દરે વધી રહ્યા છે. તેનાથી ભારત અને જમ્મુ અને કાશ્મીરના દુશ્મનો ખુશ નથી તેમ પણ તેમણે કહ્યું હતું.

## બાઇટ- PM MODI ON TERRRORISM

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ સામેના આ યુદ્ધમાં સૌથી મોટી તાકાત દેશની એકતા અને 140 કરોડ ભારતીયોની એકતા છે. તેમણે ઉમેર્યું હતું કે આ એકતા આતંકવાદ સામે દેશની નિર્ણાયક લડાઈનો આધાર છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આતંકવાદી હુમલા બાદ વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ આવી રહી છે. તેમણે કહ્યું કે વૈશ્વિક નેતાઓએ આ જઘન્ય આતંકવાદી હુમલાની કડક નિંદા કરતા પત્રો લખ્યા છે.

--------------------------------------------------------------------------------

## આંતકવાદ વિરોધ-કચ્છ:

જમ્મુ કાશ્મીરનાં પહેલગામ ખાતે આતંકવાદી હુમલાના કારણે રાજ્ય સહિત કચ્છમાં જનાક્રોશ ચરમસીમાએ છે. ઠેર ઠેર આતંકીઓના પૂતળા દહન કરી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. ભુજ બાર એસોસિએશન, માજી હોમગાર્ડ પરિવાર, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સહિતની સંસ્થાઓ દ્વારા ભુજ ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા હતા. માંડવી, નખત્રાણા, મુન્દ્રા, દયાપર, પાન્ધ્રો, નારાયણ સરોવરમાં વિવિધ સંગઠનો, વેપારી મંડળો અને સંસ્થા દ્વારા આતંકી કૃત્યની નિંદા કરી મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવાઇ હતી.

---

## હાજીપીરનો મેળો-:

કચ્છમાં રણકાંધીએ આવેલા સોઢ્રાણાના શહેનશાહ હાજીપીરના સ્થાનકે ગઇકાલથી ત્રિ-દિવસીય મેળાનો પ્રારંભ થયો છે.  મેળામાં ચગડોળ, બ્રેકડાન્સ સહિતની વિવિધ રાઇડસ ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત ખાણીપીણી, રમકડા, કટલેરી સહિત વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલ પણ ઉભા કરાયા છે. આવતીકાલ સોમવાર સુધી ચાલનારા મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે. હાજીપીરના મેળાની સાથે સાથે નજીકમાં જ આવેલા કરોલપીરના સ્થાનકે પણ મેળો ભરાતો હોય છે અને બખમલાખડા સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. મેળા દરમિયાન અત્યાર સુધી અંદાજીત બે લાખથી વધુ લોકોએ હાજીપીર વલીની દરગાહે માથુ ટેકવ્યું હતું.

---

## પુર્વ કચ્છ- પોલીસ-બાંગ્લાદેશી નાગરિકો:

પૂર્વ કચ્છ ગાંધીધામ પોલીસે ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકો વિરુદ્ધ વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. એલસીબી, એસઓજી અને જિલ્લા પોલીસની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. મેઘપર બોરીચી વિસ્તારમાં આવેલા સ્પામાંથી છ બાંગ્લાદેશી મહિલાઓને પકડી પાડવામાં આવી છે. આ મહિલાઓ પાસેથી ભારતીય બનાવટી આધારકાર્ડ

અને ચૂંટણીકાર્ડ મળી આવ્યા છે.પોલીસે આ તમામ મહિલાઓને બાંગ્લાદેશ પરત મોકલવાની કાર્યવાહી શરૂ કરી છે.

---

## ગાધીધામમાંથી બે શખ્સો પાસેથી કોકેઈન ઝડપાયું.:

ગાંધીધામ "બી" ડિવિઝન પોલીસે બસ સ્ટેશન નજીક આવેલા એક ગેસ્ટ હાઉસમાંથી માદક પદાર્થ કોકેઈન સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. પકડાયેલા બન્ને આરોપીઓ પંજાબના રહેવાસી છે. તેમની પાસેથી 29.08 ગ્રામ કોકેઈન મળી આવ્યું છે, જેની બજાર કિંમત રૂ. 29.8 લાખ આંકવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

## ખેંગારપર એપ્રોચરોડનું ખાતમુહૂત:

ભુજ તાલુકાનાં લોડાઈથી ખેંગારપર અને વાત્રા એપ્રોચ રોડનું રૂા. 314 લાખના ખર્ચે થનારા રિસરફેસિંગ કામનું ખાતમુહૂર્ત અંજાર વિસ્તારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તાર નવા રસ્તાઓથી શહેરી અને તાલુકા મથકોથી જોડાઈ રહ્યા છે જેથી ગામડાંઓના આર્થિક-સામાજિક વ્યવહારો સરળ બનવા લાગ્યા છે.

---

## મામૈદેવ બગથડાદાદાનો યાત્રા મહોત્સવ:

અંજારમાં મહેશપંથી મહેશ્વરી સંપ્રદાયના ઇષ્ટદેવ  મામૈદેવ બગથડાદાદાનો યાત્રા મહોત્સવ આજે યોજાઇ રહ્યો છે. વહેલી સવારે ધજા, ભેટુ ચડાવવામાં આવી હતી. રાત્રે ધર્મગુરૂઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં ધૂપ દ્વારા મહાઆરતી યોજાશે.

---